सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૧ | ૦૪ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૧૨/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી : – સલમાન લીયાકત ખીલજી,**
રહે. હલીમા પાર્ક, વસીલા સોસાયટી,
તા. જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એ. એમ. સૈયદ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) અરજદાર/આરોપીનાં વિ. વકીલશ્રી તથા વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા ત.ક.અધિકારીશ્રીનો **આંક–૦૫** થી રજુ પોલીસ અભિપ્રાય, મુદ્દામાલ પાવતી, પંચનામુ તથા એફ.એસ.એલ.ની પહોંચ ધ્યાને લીધા.

(૨) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની

કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ મોબાઇલની વચગાળાની કસ્ટડી મેળવવા કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપીની માલીકીનો VIVO V–29 મુદ્દામાલ મોબાઇલ છે તે તપાસ કરનાર અધિકારીએ ભરૂચ શહેર 'બી' ડિવીઝન પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૬૩૧/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), (૨૦)(બી), ૨૫, ૨૯ મુજબના ગુનાના કામે કબજે કરેલ છે. ત્યારબાદ ત.ક.અધિકારીએ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરેલ છે, જે એન.ડી.પી.એસ. કેસ નં. ૨૦/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. સદર મોબાઇલ હાલના અરજદાર/આરોપી પાસેથી પકડાયેલ છે અને પો.સ્ટે. માં મુકવામાં આવેલ છે. અરજદારે વધુમાં જણાવેલ છે કે, તેઓની માલીકીનો મોબાઇલ ખોટી રીતે સંડોવવામાં આવેલ છે, સદર મોબાઇલ અરજદારને કામકાજ દરમ્યાન ખુબ જ ઉપયોગી છે, જો પરત આપવામાં ન આવે તો તેઓને ઘણું જ નુકસાનમાં ઉતરવુ પડે તેમ છે. સદર મોબાઇલ પો.સ્ટે.મા પડી રહે તો તેની બેટરી અને પાર્ટસ ખરાબ થઇ જાય તેમ છે અને મોબાઇલની તપાસની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. નામ. સુપ્રિમ કોર્ટનાં ચુકાદા મુજબ જો તેની મુદ્દામાલની તપાસનાં કામે જરૂરી ન હોય તો શરતોને આધીન પરત આપી દેવો જોઇએ. અરજદાર/આરોપીને મુદ્દામાલ મોબાઇલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવે તો નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલનુ કરવા તૈયાર છે અને જયારે જરૂર પડે ત્યારે રજુ કરવા પણ તૈયાર છે, જેથી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજદારનાં વિ. વકીલશ્રી તરફે તેમની અરજી મુજબ દલીલો કરવામાં આવેલ છે, જયારે વિ.એ.પી.પી.શ્રી તરફે પોલીસનો અભિપ્રાય ધ્યાને લઇ ન્યાયોચિત હુકમ કરવા દલીલો કરેલ છે.

આ કામે રજુ પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, સદર ગુનાના આરોપી સલમાન લીયાકત ખીલજી પાસેથી એક VIVO V–29 મોબાઇલ જેનો IMEI No. 862965063232533 / 862965063232525 છે તે કબજે કરવામાં આવેલ છે. સદર મુદ્દામાલ મોબાઇલ એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે સુરત ખાતે મોકલવામાં આવેલ છે, તેમનો પત્ર ક્રમાંક

RFSL/EE/2026/CF/00037, Dt. 13/01/26 થી સ્વીકારેલ છે, જે હાલ સુધી પરત આવેલ નથી અને હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવાનું બાકી હોવાનુ જણાવી મુદ્દામાલ મોબાઈલ પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે અને અભિપ્રાયની સાથે મુદ્દામાલ પાવતી, પંચનામું તથા એફ.એસ.એલ. માં મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ રજુ કરેલ છે.

(૪) અરજદાર તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી મુદ્દામાલ મોબાઈલના બિલની ઝેરોક્ષ નકલ, એફ.આઈ.આર.ની નકલ, નામ. સેસન્સ કોર્ટમાં કરેલ ફો.પ.અ.નં. ૧૫/૨૦૨૬ ની જામીન અરજીનાં હુકમની નકલ, નામ. હાઈકોર્ટમાં ફો.પ.અ.નં. ૨૫૯૧/૨૦૨૬ ની જામીન અરજીના હુકમની નકલ રજુ કરેલ છે, જે દસ્તાવેજો ધ્યાને લેતા, સદર મુદ્દામાલ VIVO V–29 મોબાઈલ જેનો IMEI No. 862965063232533 / 862965063232525 છે તે અરજદાર/આરોપીની માલીકીનો હોય તે દર્શાવતુ બીલ રજુ કરેલ છે, પરંતુ હાલનાં કામે પોલીસ અભિપ્રાય તથા તેની સાથે રજુ થયેલ એફ.એસ.એલ. પહોંચ ધ્યાને લેવામાં આવે તો, સદર કામે અરજદાર/આરોપી દ્વારા માંગવામાં આવેલ મુદામાલ મોબાઈલ એફ.એસ.એલ. કચેરી, સુરત મુકામે પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ છે, જે આજદિન સુધી પરત આવેલ ન હોવાનું ત.ક.અધિકારીએ પોતાના અભિપ્રાયમાં જણાવેલ છે.

(૫) આમ, પોલીસ અભિપ્રાય તથા એફ.એસ.એલ.ની પહોંચની હકીકતો ધ્યાને લેતા, સદર મોબાઈલ હાલનાં કેસમાં મહત્વનો પુરાવો બની રહે તેમ છે, જેથી ટ્રાયલ દરમ્યાન સદર મુદ્દામાલ મોબાઈલની આવશ્યકતા હોવાનું જણાતું હોય, હાલનાં તબકકે મુદ્દામાલ VIVO V–29 મોબાઈલ જેનો IMEI No. 862965063232533 / 862965063232525 છે તે વચગાળાનાં તબકકે અરજદારને પરત આપવો ન્યાયોચિત જણાતું ન હોય છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

– અરજદારની હાલની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૧૬ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ, ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC